નડિયાદ કલેક્ટર કચેરીમાં આગ ભડકી ઉઠી

નડિયાદ, તા.૬ ખેડા જિલ્લાની નડિયાદ કલેક્ટર કચેરી ખાતે ગત મોડી રાત્રે ભીષણ આગની ઘટના બની હતી. જેના કારણે ભારે નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા. આગમાં કચેરીના મહત્વના દસ્તાવેજો સહિત માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો. ભારે અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ નડિયાદ ફાયર બ્રિગેડને કરવામાં આવતા ફાયરની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી સતત

કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, ખેડા-નડિયાદ
નડિયાદ નગર પાલિકા વોટર બાઉઝર

મોડીરાત્રે આગની ઘટના બનવા પામી હતી, ફર્નિચર અને દસ્તાવેજો બળીને રાખ થઈ ગયા

ખેડા જિલ્લાની નડિયાદ કલેક્ટર કચેરીમાં બીજા માળે નડિયાદ પ્રાંત અધિકારીની કચેરીની બાજુના રૂમમાં ગત મોડી રાત્રે અચાનક જ આગ ફાટી નીકળી હતી. વિકરાળ આગની ઘટના બનતા પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. અંતે કેટલાય કલાકોની ભારે જહેમત બાદ ફાયર વિભાગની ટીમે આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી.

ઘટનાની જાણ થતાં ખેડા જિલ્લા નાયબ કલેક્ટર, નડિયાદ પ્રાંત અધિકારી તેમજ નડિયાદ નગરપાલિકાના ચીફ ઓફિસર સહિત કલેક્ટર કચેરીના અધિકારીઓ તાત્કાલિક કચેરી ખાતે દોડી આવ્યા હતા. તેમજ નડિયાદ વીજ નિગમની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

વીજકંપની ૧૨ મે સુધી સાપ્તાહિક રજાનાં દિવસે પણ વીજપુરવઠો પૂરો પાડશે

સુરતઃ લોકસભાની ચૂંટણીનાં દિવસે ઔદ્યોગિક એકમો બંધ રહે અને મહત્તમ મતદાન થાય તે માટે દક્ષિણ ગુજરાત વીજ કંપનીએ અનોખી પહેલ કરી છે. જેમાં વીજ કંપનીએ ઔદ્યોગિક એકમોને તારીખ ૬ થી ૧૨મી મે નીં સાપ્તાહિક રજા દરમિયાન રજાના દિવસે પણ વીજ પુરવઠો પુરો પાડશે.

લોકસભા ચૂંટણીમાં મહત્તમ મતદારો અચૂક મતદાન કરી શકે એ માટે ઔદ્યોગિક એકમો, કારખાનાઓ, વ્યાપારી એકમો, ઉદ્યોગગૃહો ચૂંટણી પંચની ગાઈડલાઈન્સ મુજબ કામદારોને ફરજિયાત સવેતન રજા આપે તેવી જાહેરાત કરવામાં આવી છે. તેમ છતા મતદાનના દિવસે વધુ ને વધુ લોકો મતદાન કરી શકે તે માટે રાજયનાં રાજ્યના ઊર્જા વિભાગની તમામ વીજ કંપનીઓ દ્વારા ૬ થી ૧૨ મે દરમિયાન ઔદ્યોગિક ગ્રાહકો/એકમો દ્વારા જે તે દિવસે સાપ્તાહિક રજા પાળવામાં આવે છે તે દિવસે પણ વીજ પૂરવઠો ચાલુ રાખશે. જેથી મતદાનનાં ૭મીનાં રોજ તમામ કર્મચારીઓને મતદાન માટે રજા આપી શકાશે.

કલાકુંજના સ્વામિનારાયણ મંદિરમાં ઘનશ્યામ મહારાજની રજતજયંતિ મહોત્સવનું આયોજન

સુરતઃ વરાછા રોડ પર આવેલ સ્વામિનારાયણ મંદિર કલાકુંજ સુરતમાં બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠાને આગામી તા.૧૬મેના રોજ ૨૫ વર્ષ પૂર્ણ થાય છે. તે નિમિત્તે તા.૧૦ થી તા.૧૭ મે,૨૦૨૪ દરમિયાન ભવ્ય રજત જયંતિ મહોત્સવનું આયોજન લસકાણા ખાતે આવેલ શ્રી સ્વામિનારાયણ મિશનમાં કરવામાં આવ્યું છે.

આ રજત જયંતિ મહોત્સવમાં સંસ્થાદ્વારા અનેક સામાજિક સેવા, ધાર્મિક કાર્યક્રમો અને આધ્યાત્મિક અનુષ્ઠાનોનું આયોજન કરવામાં આવેલ છે. તા.૧૨ મેના રોજ સમાજસેવાનાં ભાગરૂપે ફ્રી આરોગ્યલક્ષિ કેમ્પ, રક્ત દાન કેમ્પ, બ્રાહ્મન બટુકોને યગ્ન પવિત સંસ્કાર સાથે બ્રહમચોર્યશી અને સંત સમેલન જેવા આયોજન કરવામાં આવેલ છે. તથા મહોત્સવમાં દરરોજ રાત્રે ૯ થી ૧૧:૩૦ સુધી કથાકાર શાસ્ત્રી હરિપ્રકાશદાસજી સ્વામી-સારંગપુરના કંઠે શ્રીમદ્ ભગવદ્ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત છ દિવસનો મહાહરિયાગ યજ્ઞ થશે તથા બાળનગરી તેમજ મહિલા યુવામંચ દ્વારા ભવ્ય સાંસ્કુતિક કાર્યક્રમનું પણ આયોજન કરાયું છે. મહોત્સવના પ્રારંભે વડતાલના આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજની ઉપસ્થિતિમાં એક હજાર પોથી, એક હજાર કળશ, એક હજાર જુવારા સાથે ભવ્ય પોથી યાત્રા નીકળશે.

આ મહોત્સવનું તા.૧૦મે થી ૧૭મે સુધી લસકાણા ખાતે આવેલ સ્વામિનારાયણ મિશનમાં યોજાશે

પાલનપુર જકાતનાકા ખાતે મતદાનને અપીલ કરતાં રક્તદાન કેમ્પ યોજાયો

સુરત, તા.૬ વિદ્યાકુંજ વિદ્યાદીપ અને દિવ્યપથ ગ્રુપ દ્વારા આજરોજ વિદ્યાકુંજ ગુજરાતી માધ્યમ પાલનપુર જકાત ટકા ખાતે મતદાન માટે અપીલ કરતો રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.

આજરોજ રક્તદાતાઓ એ રક્ત દાન કરતા ચૂંટણીમાં મતદાન કરવા માટે મતદાતાઓને અપીલ કરી. રક્તદાતાઓએ મતદારોને અપીલ કરતાં કહ્યું કે ચૂંટણી એટલે લોકશાહી નું હૃદય અને મત એટલે લોહી. જેમ શરીરને ધબકતું રાખવા લોહીની જરૂર પડે છે તેમ લોકશાહીને ધબકતી રાખવા મતદાનની જરૂર હોય છે. આવતીકાલે 7મે ના રોજ મતદાનમાં મતદાતાઓ પોતાને મળેલા અધિકારનો ઉપયોગ કરી મતદાન કરે એ માટે અપીલ કરી.

વિદ્યાકુંજ વિદ્યાદીપના ચેરમેન જયંતી પટેલે રક્તદાન કરતા રક્તદાતાઓને અભિનંદન સાથે જાહેર જનતાને આવતીકાલે મતદાન કરવા અપીલ કરી હતી. સમગ્ર આયોજન સંકુલના ડાયરેક્ટર અને દિવ્ય પથના પથિક મહેશ પટેલ તથા વિદ્યાકુંજ ટીમ તથા દિવ્ય પથિક હિનલ વાલવાલા, ભાર્ગવ ઋષિ, હિરલ ચૌહાણ દીપન લાલા વગેરે દ્વારા સફળ બનાવ્યું હતું.

સરકારી નોકરી માટે સંઘર્ષ કરી રહેલા યુવાનો માટે કેન્દ્રની મોદી સરકાર અભિશાપ: કોંગ્રેસનો આક્ષેપ

અમદાવાદ, તા.૬ કેન્દ્ર સરકારની નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા દેશભરમાં ૫૫૭ અને ૧૪ વિદેશ શહેરોમાં મેડીકલ પ્રવેશ પરીક્ષા નીટ યોજાઈ હતી જેમાં ૨૩ લાખ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ પ્રવેશ પરીક્ષા હતી. ધો. ૧૨ પાસ પછી તબીબી અભ્યાસક્રમો મેડીકલ (MBBS) ડેન્ટલ (BDS) માં પ્રવેશ માટે મહેનત કરીને સપના સજાવતા વિદ્યાર્થીઓ હોય કે સરકારી નોકરી માટે સંઘર્ષ કરી રહેલા મહેનતુ યુવાનો એમદરેક માટે કેન્દ્રની મોદી સરકાર અભિશાપરૂપ સાબિત થઈ રહી છે. કેન્દ્રમાં છેલ્લા ૧૦ વર્ષથી અને ગુજરાતમાં ૨૫ વર્ષથી ભાજપ સરકારની નાકામીપણાની કિંમત દેશના અને ગુજરાતના યુવાનો અને તેમના પરિવારો પણ સમજી ચુક્યા છે કે ભાષણ કરવું એક વાત છે અને શાસન ચલાવવું બીજી વાત છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ ભાજપા સરકારમાં પ્રવેશ પરીક્ષા અને સરકારી વિભાગોની ભરતી માટે પરીક્ષાઓના વારંવાર પેપરલીક થવાની ઘટનાઓ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે દેશભરમાં મેડીકલ પ્રવેશ માટેની નીટ (NEET) પરીક્ષાના પેપરલીક થવાથી દેશના ૨૩ લાખ ગુજરાતના ૮૦,૦૦૦ વિદ્યાર્થી-વિદ્યાર્થીની અને તેમના પરિવારોના સપનાઓ સાથે વિશ્વાસઘાત છે.

તેમણે કહ્યુ કે ૨૫ વર્ષથી ભાજપા સરકારમાં મોટા પાયે ગોલમાલ-ગોટાળાએ ભાજપા સરકારની સિધ્ધી બની ગઈ છે. ગુજરાતમાં ૧૪ કરતા વધુ વિવિધ સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં મોટાભાગની સરકારી નોકરી માટેની પરીક્ષામાં-ભરતીમાં ગેરરીતી-ગોલમાલ, પેપરલીંક એ સામાન્ય ઘટના બની ગઈ છે.

કોંગ્રેસ પક્ષએ ન્યાય પત્ર દ્વારા કડક કાયદો બનાવીને યુવાનોને પેપરલીકથી મુક્તિ અપાવવાનો અને પારદર્શક પરીક્ષા વ્યવસ્થાનો સંકલ્પ કર્યો છે. વિદ્યાર્થી, યુવાનો, સ્વાસ્થ્ય અને પારદર્શી માહોલ માટે કોંગ્રેસ પક્ષની ગેરંટી છે.

ડિજિટલ એરેસ્ટ બતાવી ૨૯ લાખ પડાવવાના કેસમાં નેવિલના જામીન ફગાવી દેવાયા

સુરત, તા.૬ ડીજીટલ એરેસ્ટ કરી રૂ.29 લાખ પડાવવાના કેસમાં સંડોવાયેલા અમરોલીના નેવીલ હેડાવની જામીન અરજી કોર્ટે ફગાવી દીધી હતી.

આ કેસની વિગત એવી છે કે ફરિયાદીને ફોન કરીને ટોળકી દ્વારા મુંબઈ ક્રાઈમ બ્રાંચના પોલીસ તરીકેની ખોટી ઓળખ આપી હતી અને ફરિયાદીને જણાવ્યું હતુ કે તેમના નામના પાર્સલ ટ્રેકિંગમાંથી મુંબઈ એરપોર્ટ ઉપર કસ્ટમ વિભાગ દ્વારા પાંચ પાસપોર્ટ,ચાર ક્રેડિટ કાર્ડ,લેપટોપ અને ૨૦૦ ગ્રામ એમ.ડી. સહિતનુ સામાન સીઝ કરવામાં આવ્યું છે. ફરિયાદીએ મોટો ક્રાઈમ કર્યો હોવાની ધમકી આપી તેમના ખાતામાંથી આરટીજીએસ મારફતે બળજબરીથી રૂ.29 લાખ પડાવી લેવાયા હતા. આ અંગે ફરિયાદીએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.

ડીજીટલ એરેસ્ટ કરીને ઓનલાઈન ફ્રોડ કરવાના કેસમાં સાયબર ક્રાઈમે નેવીલ મહેશ હેડાવ(રહે. અંબિકાનગર, ગુજરાત હાઉસિંગ બોર્ડ,અમરોલી) ની ધરપકડ કરી હતી. આરોપી નેવીલે જામીન ઉપર મુક્ત થવા કોર્ટમાં અરજી કરી હતી. સરકારી વકીલ નયન સુખડવાલા અને મુળ ફરિયાદી તરફે વકીલ પી.વી. જાગીરદારે જામીન અરજીનો વિરોધ કર્યો હતો.

ઝઘડીયા ખાતે લેન્ક્સેસની સીએસઆર પહેલ, ટકાઉ પરિવર્તનને આગળ ધપાવે છે

ઝઘડીયાઃ લેન્ક્સેસ ગુજરાતના ઝઘડીયામાં અસંખ્ય અસરપૂર્ણ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબીલીટી (સીએસઆર) પ્રોજેક્ટસ મારફતે ટકાઉતા અને સામુદાયિક વિકાસની પોતાની પ્રતિબદ્ધતાનો પુન:એકરાર કરે છે. કંપનીએ આ પ્રદેશમાં છેલ્લા બે-ત્રણ વર્ષોમાં શિક્ષણ, પુન:પ્રાપ્ય ઉર્જા, વ્યાવસાયિક તાલીમ અને જળ સંચયને પ્રોત્સાહન આપવા હેતુથી અસંખ્ય પહેલો અમલી બનાવી છે. લેન્ક્સેસ ઝઘડીયામાં પુન:પ્રાપ્ય ઉર્જા ઉકેલો પ્રોત્સાહન આપવામાં એક ચાવકરુપ રહી છે. આબોહવા રક્ષણના વિષય પર ભાર મુક્તા કંપનીએ સોલાર પેનલ્સ અને સોલાર સ્ટ્રીટ લાઈટ્સ સમગ્ર પ્રદેશમાં ગ્રામિણ વિસ્તારો, સરકારી શાળાઓ અને હોસ્પિટલો સહિતના મહત્ત્વના સ્થળોએ ઈન્સ્ટોલ કરી છે. આ સોલાર લાઈટીંગ પ્રોજેક્ટ્સ ફક્ત કાર્બન સ્ત્રાવમાં ઘટાડો કરે છે એટલુ જ નહી પરંતુ સમુદાયને વીજળીનો ટકાઉ સ્ત્રોત પણ પૂરો પાડે છે. આ ઉપરાંત, કંપનીએ ઝઘડીયામાં સમુદાયની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે ગામડાઓમાં રેનવોટર હાર્વેસ્ટિંગમાં પણ રોકાણ કર્યુ છે. તેમાં ઓળખી કઢાયેલ વરસાદી પાણી એકત્રિત કરવાનો અને ભૂજળ સ્તરોને રિચાર્જ કરવાનો સમાવેશ થાય છે.

ન્યુ ઈન્ડિયા કો-ઓપરેટીવ બેંક લિ.

(મલ્ટીસ્ટેટ શિડયુલ્ડ બેંક)
કોર્પોરેટ ઓફિસ : ન્યુ ઈન્ડિયા ભવન,એ.વી.નાગવેકર માર્ગ,પ્રભાદેવી,મુંબઈ-૪૦૦૦૨૫

ડીમાન્ડ નોટીસ

(સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ,૨૦૦૨ ના રૂલ ૩ (૧) અંતર્ગત)સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકરશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ ના ખંડ ૧૩(૨) મુજબ વૈકલ્પિક સેવા દ્વારા નોટીસ

આથી નીચે જણાવેલ દેવાદારો/જામીનદારો/ગીરોદારોએન્યુ ઈન્ડિયા કો-ઓપરેટીવ બેંક લિ. પાસેથી લોન સુવિધા મેળવી હતી,તેઓ લોનની ફેરચુકવણી કરવામાં નિષ્ફળ જતા તેમના ખાતામાં આરબીઆઈની માર્ગદર્શિકા મુજબ કંપનીના ખાતાઓને નોન પરફોર્મીંગ એસેટસ જાહેર કરવામાં આવ્યા છે ત્યાર બાદ ન્યુ ઈન્ડિયા કો-ઓપરેટીવ બેંક લિ. એ સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકરશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ (સરફાયેસી એક્ટ) ના ખંડ ૧૩(૨) અને સરફાયેસી એક્ટ મુજબ તેમના છેલ્લા જાણીતા સરનામા પર ડીમાન્ડ નોટીસો મોકલી તેમને સંપૂર્ણ બાકી રહેતી રકમની સાથે કરાર મુજબનું વ્યાજ,આકસ્મિક ખર્ચાઓ તેમજ બોજ સહિતની રકમ ચુકવી દેવા જણાવવામાં આવ્યું હતું . આ નોટીસો પરત આવતા તેમને ફરીથી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ,૨૦૦૨(સરફાયેસી એક્ટ હેઠળ) ના રૂલ ૩ મુજબ આ નોટીસ જાહેરમાં પ્રકાશિત કરવામાં આવે છે.

અ. નં.	ખાતા નં./બ્રાંચ/દેવાદાર/ સહ દેવાદાર/જામીનદારના નામ - મંજુર	સુવિધાનો પ્રકાર/ મંજુર રકમ/મંજુરી પત્રનો સંદર્ભ નં.	ગીરો મિલકતનું વર્ણન/ગીરોનો પ્રકાર	એનપીએ અને ડીમાન્ડ નોટીસની તારીખ	ડીમાન્ડ નોટીસ મુજબની બાકી રકમ
૧.	૧૦૨૧૪૦૧૧૦૦૦૦૦૮૮ રીંગરોડ,સુરત શાખા. શ્રીવિરેન્દ્રભાઈ દશરથભાઈ પીમ્પાલે (દેવાદાર)/શ્રીમતી સુનંદાબેન દશરથ પીમ્પાલે (સહદેવાદાર)	હાઉસિંગ લોન રૂ.૧૦.૫૦ લાખ NI/SRT/301/2021-2022 Dt.19.06.2021	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત પ્લોટ નં.૧૪૦ ક્ષેત્રફળ અંદાજે ૪૦.૧૫ ચો.મી. નીસાથે મધુવન રેસીડેન્સીની કોમન રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ૨૫.૨૭ ચો.મી.ભાગ, બિનખેતી જમીન, બ્લોક નં.૧૮૭, ૩૦૨, ૩૦૩, ૩૦૪ અને ૩૦૫ મેળવણી બાદ બ્લોક નં.૧૮૭ (કેજેપી બાદ છેલ્લા કમ્પ્યુટરાઈઝડ રેકર્ડ મુજબ બ્લોક નં.૧૮૭/૧૪૦) ગામ મોતા, પેટા જિ.તા.બારડોલી, જિ.સુરત	૦૫.૦૭.૨૦૨૩ ૧૭.૦૮.૨૦૨૩	રૂ.૭,૯૬,૭૦૮.૬૦ (રૂપિયા સાત લાખ છન્નુ હજાર સાતસો આઠ અને સાંઈઠ પૈસા પુરા) ની સાથે ત્યારબાદનું ૧૧ ટકાના દરે વાર્ષિકવ્યાજમાસિકવિરામ બાદ તા.૦૬.૦૮.૨૦૨૩થી અને ૨ ટકાના વાર્ષિક દરે દંડાત્મક સાદુ વ્યાજ
૨.	૧૦૨૧૪૦૧૧૦૦૦૦૨૯૦ રીંગરોડ,સુરત શાખા. શ્રીવિશ્વદીપ સુરેશ બિરાડે(દેવાદાર)/ શ્રીમતી લતાબાઈ સુરેશ બિરાડે (સહદેવાદાર)	હાઉસિંગ લોન રૂ.૧૧.૦૦ લાખ NI/ SRT/1430/2021-2022 Dt.05.07.2023	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત પ્લોટ નં.૫૧૯ (કેજેપી મુજબ બ્લોક નં.૮૩/એ/૫૧૯) રાધિકા રેસીડેન્સી નામે ઓળખાતી સોસાયટી પ્લોટનું ક્ષેત્રફળ અંદાજે ૪૦.૧૩ ચો.મી. સ્થળ મુજબ અને મંજુર પ્લાન મુજબ ૪૦.૧૮ ચો.મી. ની સાથે કોમન રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ૨૯.૫૦ ચો.મી. ભાગ,બિનખેતી જમીન, બ્લોક/.સ.નં.૮૩/એ, ક્ષેત્રફળ ૪૫૫૪૫ ચો.મી. મોજે ગામ કારેલી , પેટા જિ.તા.પલસાણા, જિ.સુરત	૧૫.૦૭.૨૦૨૩ ૩૦.૦૮.૨૦૨૩	રૂ.૮,૪૪,૪૦૬.૨૦ (રૂપિયા આઠ લાખ ચુમ્માલીસ હજાર ચારસો છઅને વીસ પૈસા પુરા) ની સાથે ત્યારબાદનું ૧૦.૭૫ ટકાના દરે વાર્ષિકવ્યાજમાસિકવિરામ બાદ તા.૧૬.૦૮.૨૦૨૩થી અને ૨ ટકાના વાર્ષિક દરે દંડાત્મક સાદુ વ્યાજ
૩.	૧૦૨૧૪૦૧૧૦૦૦૦૩૭૧ રીંગરોડ, સુરત શાખા. શ્રીમતી કોમલ સતિષ ગુઢે (દેવાદાર)/ શ્રી કાર્તિક સતિષ ગુઢે (સહદેવાદાર) શ્રી ધર્મેન્દ્ર સિંઘ (જામીનદાર)	હાઉસિંગ લોન રૂ.૧૦.૫૦ લાખ NI/ SRT/1668/2021-2022 Dt.08.03.2022	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત પ્લોટ નં.૭૧(કેજેપી બાદ નવો બ્લોક નં.૪૫૧/૭૧) ક્ષેત્રફળ વ્રઅંદાજે ૪૮ ચો.વાર અથવા ૪૦.૧૯ ચો.મી. ની સાથે રામદેવ રેસીડેન્સીનીકોમન રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ૨૯.૯૨ ચો.મી.ભાગ,બિનખેતી જમીન, રે.સ.નં.૪૬૨/૪ અને ૪૬૨/3,બ્લોક નં.૪૫૧ અને ૪૫૨ મેળવણી બાદ નવો બ્લોક નં.૪૫૧ ગામ ઉમરાખ,તા.બારડોલી,જિ.સુરત ગુજરાત	૧૬.૦૭.૨૦૨૩ ૦૨.૦૯.૨૦૨૩	રૂ.૮,૦૪,૬૦૭.૯૦ (રૂપિયા આઠ લાખ ચાર હજાર છસ્સો સાત અને નેવુ પૈસા પુરા) ની સાથે ત્યારબાદનું ૧૦.૭૫ ટકાના દરે વાર્ષિક વ્યાજ માસિક વિરામ બાદ તા.૧૭.૦૮.૨૦૨૩થી અને ૨ ટકાના વાર્ષિક દરે દંડાત્મક સાદુ વ્યાજ
૪.	૧૦૨૧૪૦૧૧૦૦૦૦૩૬૮ રીંગરોડ, સુરત શાખા. શ્રી ભાંગુ આનંદા રાઠોડ (દેવાદાર)/ શ્રીમતી કલ્પના ભાંગુ રાઠોડ (સહદેવાદાર)	હાઉસિંગ લોન રૂ.૧૧.૦૦ લાખ NI/ SRT/1665/2021-2022 Dt.07.03.2022	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત પ્લોટ નં.૧૪૫(કેજેપી મુજબ બ્લોક નં.૮૪/૧૪૫) મંજુર પ્લાન મુજબ પ્લોટનું ક્ષેત્રફળ અંદાજે ૪૦.૧૮ ચો.મી.અને સાથે ક્રિષ્ણા રેસીડેન્સીવિભાગ-૧નીકોમન રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ૨૫.૬૮ ચો.મી.ભાગ,બિનખેતી જમીન,રે.સ.નં. ૫૦,બ્લોક નં.૮૪ કુલ ક્ષેત્રફળ ૧૬૨૯૧ ચો.મી. મોજે ગામ કારેલી ,તા. પલસાણા,જિ.સુરત ગુજરાત	૧૫.૦૭.૨૦૨૩ ૦૨.૦૯.૨૦૨૩	રૂ.૮,૪૮,૧૪૬.૫૦ (રૂપિયા આઠ લાખ અડતાલીસ હજાર એકસો છેતાલીસ અને પચાસ પૈસા પુરા) ની સાથે ત્યારબાદનું ૧૦.૭૫ ટકાના દરે વાર્ષિક વ્યાજ માસિક વિરામ બાદ તા.૧૬.૦૮.૨૦૨૩થી અને ૨ ટકાના વાર્ષિક દરે દંડાત્મક સાદુ વ્યાજ
૫.	૧૦૨૧૪૦૧૧૦૦૦૦૫૦૨ રીંગરોડ,સુરત શાખા. શ્રીમતી કલ્પના કિશોર ચવાણ (દેવાદાર)/ શ્રી કિશોર માણીક ચવાણ (સહ દેવાદાર) શ્રી શત્રુઘન સિંઘ (જામીનદાર)	હાઉસિંગ લોન રૂ.૧૧.૦૦ લાખ NI/ SRT/1927/2021-2022 Dt.31.03.2022	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત પ્લોટ નં.૫૧૬(કેજેપી મુજબ બ્લોક નં.૮૩/એ/ ૫૧૬) રાધિકારેસીડેન્સીનામે જાણીતી સોસાયટી ,પ્લોટનું ક્ષેત્રફળ અંદાજે૪૦.૧૩ ચો.મી. સ્થળ મુજબ અને મંજુર પ્લાન મુજબ ૪૦.૧૮ ચો.મી.ની સાથે ૨૯.૫૦ ચો.મી. કોમન રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ભાગ બિનખેતી જમીન બ્લોક/સ. નં.૮૩/એ,ક્ષેત્રફળ ૪૫૫૪૫ ચો.મી. મોજે ગામકારેલી,પેટા જિ. તા.પલસાણા,જિ.સુરત	૨૯.૦૬.૨૦૨૩ ૦૨.૦૯.૨૦૨૩	રૂ.૮,૬૯,૬૫૪.૩૦ (રૂપિયા આઠ લાખ ઓગણોસિત્તેર હજાર છસ્સો ચોપ્પન અને ત્રીસ પૈસા પુરા) ની સાથે ત્યારબાદનું ૧૦.૭૫ ટકાના દરે વાર્ષિક વ્યાજ માસિક વિરામ બાદ તા.૩૧.૦૭.૨૦૨૩થી અને ૨ ટકાના વાર્ષિક દરે દંડાત્મક સાદુ વ્યાજ
૬.	૧૦૨૧૪૦૧૧૦૦૦૦૩૭૫ રીંગરોડ,સુરત શાખા. શ્રીહર્ષલ વિનાયક સોનાવણે(દેવાદાર)/ શ્રી પ્રવિણ દાગા સોનાવણે(જામીનદાર)	હાઉસિંગ લોન રૂ.૧૧.૦૦ લાખ NI/ SRT/1669/2021-2022 Dt.08.03.2022	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત પ્લોટ નં.૧૨૨(કેજેપી મુજબ બ્લોક નં.૮૪/૧૨૨), ક્રિષ્ણા રેસીડેન્સીવિભાગ-૧, મંજુર પ્લાન મુજબ ક્ષેત્રફળ અંદાજે ૪૧.૮૩ ચો.મી. ની સાથેકોમન રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ૨૬.૭૩ ચો.મી. ભાગ રે.સ. નં.૫૦,બ્લોક નં.૮૪ મોજે ગામ કારેલી, તા. પલસાણા,જિ.સુરત ગુજરાત	૧૬.૦૭.૨૦૨૩ ૦૨.૦૯.૨૦૨૩	રૂ.૮,૫૪,૫૧૮.૧૦ (રૂપિયા આઠ લાખ ચોપ્પન હજાર પાંચસો અઢાર અને દસ પૈસા પુરા) ની સાથે ત્યારબાદનું ૧૦.૭૫ ટકાના દરે વાર્ષિકવ્યાજમાસિકવિરામ બાદ તા.૧૭.૦૮.૨૦૨૩થી અને ૨ ટકાના વાર્ષિક દરે દંડાત્મક સાદુ વ્યાજ
૭.	૧૦૨૧૪૦૧૧૦૦૦૪૬૮ રીંગરોડ,સુરત શાખા. શ્રીયોગેશ અમૃત ગાયકવાડ(દેવાદાર)/ શ્રીમતીવંદના અમૃત ગાયકવાડ (સહ દેવાદાર)	હાઉસિંગ લોન રૂ.૧૧.૭૦ લાખ NI/ SRT/1889/2021-2022 Dt.24.03.2022	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત પ્લોટ નં.૧૧૦(કેજેપી મુજબ બ્લોક નં.૮૪/૧૧૦)ક્રિષ્ણા રેસીડેન્સીવિભાગ-૧ નામે જાણીતી સોસાયટીપ્લોટનું ક્ષેત્રફળ અંદાજે ૪૭.૪૭ ચો.મી. ની સાથે ૩૦.૩૩ ચો.મી. કોમન રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ભાગ બિનખેતી જમીન રે.સ. નં.૫૦,બ્લોક નં.૮૪ મોજે ગામ કારેલી, તા. પલસાણા,જિ. સુરત ગુજરાત-૩૯૪૩૧૦ માલિકી યોગેશ અમૃત ગાયકવાડ અને શ્રીમતી વંદના અમૃત ગાયકવાડ	૨૮.૦૩.૨૦૨૪ ૨૦.૦૪.૨૦૨૪	રૂ.૯,૦૮,૦૧૪.૭૦ (રૂપિયા નવ લાખ આઠ હજાર ચૌદ અને સિત્તેર પૈસા પુરા) ની સાથે ત્યારબાદનું ૧૦.૭૫ ટકાના દરે વાર્ષિક વ્યાજ માસિક વિરામ બાદ તા.૨૯.૦૩.૨૦૨૪થી અને ૨ ટકાના વાર્ષિક દરે દંડાત્મક સાદુ વ્યાજ

આથી તમે અ.નં.૧ થી ૭ ને આથી ઉપર જણાવેલ બાકી રકમ આ નોટીસની તારીખથી ૬૦ દિવસમાં ભરી દેવા જણાવવામાં આવે છે.જો નિષ્ફળ જશો તો બેંક **સિક્યુરાઈટેઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ઠ,૨૦૦૨** ની જોગવાઈ મુજબ ગિરોમિલકતો સામે આગળના પગલા લેશે.જેની નોંધ લેવી. ઉપર જણાવેલી મિલકતો ઉપર બેંકનું ઉપર જણાવ્યા મુજબનું લેણુ બાકી હોવાથી એનું કોઈ પણ પ્રકારે વેચાણ,સોદો કે ત્રાહિત પક્ષના મિલકત કે તેના કોઈ ભાગ વિશેના કોઈ પણ દાવા ચાલી શકશે નહીં.
આ નોટીસ કોઈ પણ પૂર્વગ્રહ વિનાની અને બેંકના અધિકાર મુજબની છે જેથી બેંક આગળના પગલા કાનૂની જોગવાઈ મુજબ લઈ શકશે.

સહી/-
(ભાસ્કર અમીન)
આસિ.જનરલ મેનેજર અને અધિકૃતઅધિકારી
ન્યુ ઈન્ડિયા કો-ઓપરેટીવ બેંક લિ.

તારીખ: ૦૭.૦૫.૨૦૨૪
સ્થળ :મુંબઈ

આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

ADITYA BIRLA CAPITAL
PROTECTING INVESTING FINANCING ADVISING

રજિસ્ટર્ડ ઓફિસ : ઈન્ડિયન રેયોન કંપાઉન્ડ,વેરાવળ,ગુજરાત - ૩૬૨૨૬૬,
બ્રાન્ચઓફિસ - ત્રીજા માળે, ઓફિસ નં.૨૦૩ થી ૨૧૧, માઈલસ્ટોન ફીએસ્ટા,
ટીજીબી સર્કલની નજીક,એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત-૩૯૫૦૦૯

પરિશિષ્ટ - ૪[જુઓ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ નાનિયમ ૮(૧)] અંતર્ગત કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ**ના અધિકૃત અધિકારીને સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ,૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) સાથે વંચાણે લેતા સેકશન ૧૩ (૧૨)સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ,૨૦૦૨ (રૂલ્સ) ના રૂલ ૩ અંતર્ગત પ્રાપ્તઅધિકારો મુજબ **તા.૨૨.૧૧.૨૦૨૩ના રોજ દેવાદારો ઘનશ્યામ ભીમજીભાઈ રાદડીયા,રેખાબેન ઘનશ્યામભાઈ રાદડીયા,ધવલ નરશીભાઈ બાલધાને ડિમાન્ડ નોટીસ પાઠવી તેમાં જણાવેલી બાકી રકમ રૂ.૧૭,૦૮,૨૫૬.૬૭/- (રૂપિયા સત્તર લાખ આઠ હજાર બસ્સો છપ્પન અને સડસઠ પૈસા પુરા)** નોટીસ મળ્યાની તારીખથી દિવસ ૬૦માં ચુકવી દેવા જણાવવામાં આવ્યું હતું.
દેવાદારો/ગીરોદારો/જામીનદારો રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી તેમને ખાસ અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારે નીચે જણાવેલ મિલકતનો કબજો કથિત એકટના પેટા ખંડ ૧૩(૪) તથા કથિત રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮ અંતર્ગત પ્રાપ્તઅધિકારોનો ઉપયોગ કરીને **તા.૦૩જી મે,૨૦૨૪** ના રોજ લીધો છે.
આથી દેવાદારો/ગીરોદારો/જામીનદારોને ખાસ તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે હવેથી આ મિલકત લેણી રકમ **રૂ.૧૭,૦૮,૨૫૬.૬૭/- (રૂપિયા સત્તર લાખ આઠ હજાર બસ્સો છપ્પન અને સડસઠ પૈસા પુરા)** અને ત્યારબાદના ચડત વ્યાજસામે આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડના તાબા હેઠળ છે.જેનું કોઈ પણ રીતે હસ્તાંતરણ કરવું નહીં.
આથી દેવાદારોનું ખાસ ધ્યાન દોરવામાં આવે છે કે એકટના ખંડ ૧૩ના પેટા ખંડ (૮) ની જોગવાઈ મુજબ તેમની પાસે ગીરો મિલકત છોડાવવાનો સમય છે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ખંડ કે અખંડિત ભાગની સ્થાવર મિલકતફલેટ નં.ડી-૧/૪૦૧,પાંચમા માળે ,ક્ષેત્રફળ ૮૫.૪૩ ચો.મી. (બિલ્ટઅપ એરિયા) ની સાથે શરણમ રેસીડેન્સી બિલ્ડીંગ નં.ડી ની અવિભાજિત જમીનનો ભાગ, રે.સ.નં.૪૬૧/૧, બ્લોક નં.-૫૯૯ અને બ્લોક નં.૫૯૮/બીશિવ દ્રષ્ટિ રેસીડેન્સીની બાજુમાં, કેનાલ રોડ નજીક, ને.હાઈવે નં.૮ ,ઉંભેળ ગામ, મોજે ગામ ઉંભેળ, તા.કામરેજ, જિ. સુરત, ગુજરાત-૩૯૪૧૮૦**ચતુ:સીમા :** પૂર્વે: ખુલ્લી જગ્યા, **પશ્ચિમેઃ** કોમન પેસેજ, **ઉત્તરે :** ખુલ્લી જગ્યા, **દક્ષિણે :** ફ્લેટ નં.ડી૧/૪૦૨

તારીખ : ૦૩.૦૫.૨૦૨૪
સ્થળઃ સુરત

અધિકૃત અધિકારી,
આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

ફોર્મ નં.૩
[જુઓ રેગ્યુલેશન-૧૫(૧)(એ) ૧૬(૩)]

ડેબ્ટ રીકવરી ટ્રીબ્યુનલ મુંબઈ (ડીઆરટી ૩)

પહેલા માળે, એમટીએનએલ ટેલીફોન એક્ષચેંજ બિલ્ડીંગ, સેકટર-૩૦ એ, વાશી,
નવી મુંબઈ -૪૦૦૭૦૩

કેસ નં.: - ૦એ/૧૦૦૨/૨૦૧૮

એકટના ખંડ ૧૯ પેટાખંડ (૪) ની સાથે વંચાણે લેતા ડેબ્ટ રીકવરી ટ્રીબ્યુનલ(પ્રોસિજર) રૂલ,૧૯૯૩ના રૂલ પાંચના પેટા રૂલ (૨એ) હેઠળ સમન્સ

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ઈએક્સએચ- ૧૪
વિરૂધ્ધ
મે. ઈશાન એક્ષ્પોર્ટસ

પ્રતિ,
- **(૧) મે. ઈશાન એક્ષ્પોર્ટસ,** ૪૧૧ સીટી ટાવર,પ્લોટ નં.૫૫,સેકટર ૧૫,સીબીડી બેલાપુર,નવી મુંબઈ-૪૦૦૬૧૪
  અહી પણ : ૩ ૨૧૭૪ ૧ અને બીજા માળે,ભવ્ય હાઉસ,રામ મંદિર નજીક,કોહીનૂર માર્કેટ ની સામે રીંગ રોડ સુરત-૩૯૫૦૦૨,અહીં પણ : સી-૪૨૭ ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર,મજુરા ગેટ સુરત ૩૯૫૦૦૮ અને દુકાન નં.૨,૩,૪ જીઆન્સ
- **(૨) રવિ અર્જુનભાઈ શાહ,** ફ્લેટ નં.૧૦,અભિષેક પાર્ક એપાર્ટમેન્ટ ઉઘના મગદલ્લા રોડ એસજી યુનિવર્સિઠી નજીક,સુરત ૩૯૫૦૦૭ અહીં પણ : ફ્લેટ નં.૧૨૦૨,૧૨મા માળે,પૂનમ ટાવર્સ,સેકટર ૨૦,પ્લોટ નં.૧,૨,૩૧ નેરળ(પશ્ચિમ) નવી મુંબઈ-૪૦૦૭૦૬ મુંબઈ મહારાષ્ટ્ર-૪૦૦૭૦૬
- **(૩) આલોક સુધીર જૈન,** ૩૦૧,અક્ષય જયોત એપાર્ટમેન્ટસ,ભુલકા ભવન નજીક, અડાજણ, અહીં પણ: અહમદનગર મહારાષ્ટ્ર- ૩૯૫૦૦૯

સમન્સ

આથી, જાહેર કરવામાં આવે છે કે માનનીય પ્રિસાઈડીંગ ઓફિસર/રજિસ્ટ્રાર સમક્ષ **તા.૨૯/૦૫/૨૦૧૯** ના રોજ **ઓએ/૧૦૦૨/૨૦૧૮** નોંધવામાં આવ્યો છે.
આથી માનનીય ટ્રીબ્યુનલે કથિત અરજદારોની કથિત એકટના ખંડ ૧૯(૪) હેઠળની અરજી સંબંધે સમન્સ/નોટીસ ને ધ્યાને લઈ (ઓએ) દ્વારા તમારી પાસેથી બાકી લેણા **રૂ.૧૧,૭૨,૨૨,૩૫૫/-**ની વસુલાત માટે અરજી દાખલ કરી છે. (આ સાથે દસ્તાવેજોની નકલો સાથેની અરજી બીડવામાં આવી છે.)
કથિત એકટના ખંડ ૧૯(૪) હેઠળની અરજી સંબંધે તમને સામાવાળાઓને નીચે મુજબના નિર્દેશો આપવામાં આવે છે : -
(૧) આથી તમારી સામે થયેલી અરજી મુજબની માંગણી કેમ મંજુર ન કરવી એના કારણો તમારે આ સમન્સ મળ્યાના ૩૦ દિવસમાં રજુ કરવાના રહેશે.
(૨) અરજદારની મૂળ અરજીમાં અનુક્રમ નં.૩એ હેઠળ દર્શાવવામાં આવી હોય એ સિવાયની કોઈ મિલકતો જો હોય તો તેની વિગતો જાહેર કરવી.
(૩) અરજદારની મૂળ અરજીમાં અનુક્રમ નં.૩એ હેઠળ દર્શાવવામાં આવી હોય એવી સુરક્ષિત મિલકતોનો તમે કોઈ પણ રીતે સોદો કરી નહીં શકો અને એ સિવાયની કોઈ મિલકતો જો જાહેર કરી હોય તો એનો સોદો પણ આ કેસ સુનાવણી માટે પડતર હોય અને એનો નિકાલ નહીં આવે ત્યાં સુધી કરી નહીં શકો.
(૪) ટ્રીબ્યુનલની અગાઉથી મંજુરી વિના તમે અરજદારની મૂળ અરજીમાં અનુક્રમ નં.૩એ હેઠળ દર્શાવવામાં આવી હોય એ મિલકતો અંગે એમના વ્યાપારના હિતોને સીધી કે આડકતરી અસર થઈ શકે એ રીતે અથવા એ સિવાયની કોઈ મિલકતો જો હોય તો તેનું વેચાણ કે ભાડાપટ્ટેથી કે અન્ય કોઈ પણ રીતે હસ્તાંતરણ નહીં કરી શકો.
(૫) આવી સુરક્ષિત મિલકતોના વેચાણની પ્રક્રિયા જો હાથ ધરવી પડે તો સામાન્ય સંજોગોમાં તમારે હિસાબે અને જોખમે થશે બેંક કે કોઈ પણ આર્થિક સંસ્થાઓ સાથે એના હિસાબ માટે તમે જવાબદાર ગણાશો.
તમારે **રજિસ્ટ્રાર** સમક્ષ **તા.૦૭/૦૬/૨૦૨૪ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે** હાજર રહી લેખિતમાં જવાબ આપવાનો રહેશે જે અરજદારની અરજી અંગેનો હશે.
જો તમે હાજર નહીં રહો તો અરજીની સુનાવણી તમારી ગેરહાજરીમાં થશે અને ચુકાદો તમારી ગેરહાજરીમાં આપી દેવાશે.
મારા હસ્તે રૂબરૂ ટ્રીબ્યુનલનું ૨૨.૦૩.૨૦૨૪ ના રોજ સીલ લગાડીને સોંપવામાં આવી છે.

સીલ

સહી/- (સંજય જયસ્વાલ)
રજિસ્ટ્રાર
ડીઆરટી- ૩,મુંબઈ
સમન્સ જારી કરવા અધિકૃત અધિકારી

નોંધ :લાગુ પડતું ન હોય તે રદ ગણવું

હલધરૂ શાખા : પટેલ ફળિયા, હલધરૂ, તા. કામરેજ, જી. સુરત-394310. ફોન : 8980026634
ઈ-મેલ : haldha@bankofbaroda.com

बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda

કબજા નોટીસ [કલમ 13(4) હેઠળ] (સ્થાવર મિલકત માટે)

[સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો 2002 ના નિયમ-8(1) હેઠળ]

આથી નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, 2002 (54 ઓફ 2002)તથા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 13(12) સહિત રૂલ નં 3 હેઠળ મળેલ સત્તાની રૂએ **તા. 12-04-2021ના રોજ કરજદાર/મોર્ટગેજર શ્રી સુગીર વિશ્વાસ રાયબોલે (કરજદાર), શ્રીમતી મંદા સુધીર ઉર્ફે સુગીર રાયબોલે (સહ-કરજદાર)**ને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસમાં પાઠવેલી રકમ **રૂા.7,45,444.34 (રૂપિયા સાત લાખ પીસ્તાલીસ હજાર ચાર સો ચુંમ્માલીસ રૂપિયા અને ચોંત્રીસ પૈસા પૂરા) અને તેના ઉપર વ્યાજ +અન્ય ખર્ચાઓ** સદરહુ નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસમાં પરત ચુકવવા જણાવાયું હતું.
કરજદાર સદરહુ રકમ પરત ચુકવવામાં નિષ્ફળ જતા કરજદાર અને જાહેર જનતાને આ સાથે નોટિસ આપવામાં આવે છે કે સહી કરનારે સદરહુ ઓર્ડીનેન્સ એક્ટની **કલમ 13 (4)** અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમ 2002ના **નિયમ 8** સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહીં નીચે જણાવેલી મિલકતનો **કબજો તા. 05-05-2024**ના દિને સંભાળી લીધેલ છે.
અહીં કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે કે, જણાવેલ સમય મર્યાદામાં સેક્શન 13 ના સબ સેક્શન (8) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.
કરજદાર અને જાહેર જનતાને આથી જાહેર ચેતવણી આપવામાં આવે છે કે, તેમણે સદરહુ મિલકત બાબતમાં કોઈ વ્યવહાર કરવો નહીં અને કોઈપણ **બેંક ઓફ બરોડા** માટે **રૂા.7,45,444.34, અને આગળનું વ્યાજ** તથા **અન્ય ખર્ચાઓ** વસુલાતને પાત્ર રહેશે.

: સ્થાવર મિલકતનું વર્ણન :

તમામ ભાગ અને હિસ્સા સહિત મિલકત, માન્ય પ્લાન પ્રમાણે B-ટાઈપ, પ્લોટ નં. 138, માપ આશરે 40.15 ચો.મી., “રૂદ્રાક્ષ રેસીડેન્સી”, રેવન્યુ સર્વે નં. 351/1, બ્લોક નં. 367, રસ્તા અને સીઓપીમાં અવિભાજિત પ્રમાણસર હિસ્સાનું માપ 23.78 ચો.મી., ગામ કારેલી, તા. પલસાણા, જી. સુરત. જે મિલકતની ચતુર્સિમા : ઉત્તર : B-ટાઈપ પ્લોટ નં. 139, દક્ષિણ : B-ટાઈપ પ્લોટ નં. 137, પૂર્વ : સોસાયટીનો રસ્તો, પશ્ચિમ : B-ટાઈપ પ્લોટ નં. 131.

અધિકૃત અધિકારી,
બેંક ઓફ બરોડા, હલધરૂ શાખા, સુરત.

તા. 05-05-2024 | સ્થળ : સુરત.

ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રક્શન પ્રા.લિ.

OMKARA ASSETS RECONSTRUCTION Pvt. Ltd.
CIN:U67100TZ2014PTC020363
કોર્પોરેટ ઓફિસ:૪૭મા માળે,એન.સી.કેળકર માર્ગ,આર.જી.ગડકરી ચોક, દાદર(પ),મુંબઈ -૪૦૦૦૨૮
ઈ-મેલ : zuber.khan@omkaraarc.com/rajesh.jumani@omkaraarc.com અધિકૃતઅધિકારી મો.નં. +૯૧ ૮૬૫૭૯ ૬૯૨૩૧

પરીશિસ્ટ ૪-એ રૂલ ૮(૬)વંચાણે લેતા ૯(૧)મુજબ
સ્થાવર મિલકતના વેચાણ માટે જાહેર નોટીસ
સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ"સકિયુરિટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨(સરફાયેસી એકટ) ની સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૬)વંચાણે લેતા ૯(૧)મુજબ ઈ -ઓકશનથી સ્થાવર મિલકતના વેચાણ માટેની નોટીસ

આથી જનતાને તથા ખાસ નીચે જણાવેલા દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને જણાવવાનું કે નીચે જણાવેલી ગીરો મિલકતો નો કબજો સલામત ધિરાણકાર ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રા.લિ.ના અધિકૃતઅધિકારીએ લીધો હતો હવે જયારે મે.ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમીટેડ(જે ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કામ કરે છે) તેમણે મૂળ ધિરાણકાર ઈન્ડસઈન્ડ બેંક લિ.(એસાઈનર બેંક) પાસેથી તમામ બાકી લેણા વસુલાતના અધિકારો તા.૨૫.૦૬.૨૦૨૧ના એસાઈનમેન્ટ એગ્રીમેન્ટ દ્વારા મેળવી લીધા હોવાથી હવે એ નીચે જણાવેલા દેવાદાર(રો)નીબાકી લેણી રકમ વસુલ કરવા ગીરો મિલકતનો કબજો મેળવી ચુકી છે.ઓએઆરપીએલના અધિકૃતઅધિકારીએ નીચે જણાવેલી બાકી લેણી રકમની વસુલાત માટે નીચે જણાવેલી મિલકતનુ વેચાણ હવે સરફાયેસી એકટના ખંડ ૧૩(૨) અને (૪) હેઠળ મળેલા અધિકારોનો ઉપયોગ કરી **'જયાં છે ત્યાં છે' જેમ છે તેમ છે' અને કોઈ વિકલ્પ નથી** ના ધોરણે બાકી લેણી રકમ વત્તાવ્યાજ તથા અન્ય ખર્ચની વસુલાત માટે થશે.જે સલામત ધિરાણકાર મે.ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમીટેડના ઉપર જણાવેલા દેવાદાર અને સહદેવાદાર પાસેથી લેણા છે.
દેવાદાર(રો)/જામીનદાર/ગીરોદારો,ગીરો મિલકત,બાકી લેણી રકમ, ખંડ ૧૩(૨) મુજબની ડીમાન્ડ નોટીસની તારીખ સ્થાવર મિલકતોનું વર્ણન,અનામત કિંમત અને અર્નેસ્ટમની ડીપોઝીટ અને બોજો(જો હોય તો) ની જાણકારી નીચે મુજબ છે.

અ. નં.	દેવાદાર(રો)/જામીનદારો/ ગીરોદારોન) નામ	સ્થાવર મિલકતનું વર્ણન	મિલકતના માલિક	તા.૨૬.૦૪.૨૦૨૪ના રોજ બાકી લેણા (રૂ.માં)	ડીમાન્ડ નોટીસની તા.	કબજાની તા.	અનામત કિંમત (રૂ.લાખમાં)	બોલી વધારાની રકમ	ઈએમડી	નિરીક્ષણની તારીખ અને સમય
1.	મે.રૂચિ ટેક્ષ (દેવાદાર), શ્રી રાકેશકુમાર બાબુલાલ જૈન (સહદેવાદાર/ગીરોદાર), શ્રીમતી રેણુ જૈન (સહ દેવાદાર/ ગીરોદાર)	ફ્લેટ નં.૮૦૪, ૮મા માળે, સન સ્ટાર કો.ઓ.હા. સો.લિ., રે.સ.નં.૨૨૩/૧ ગામ અડાજણ, ફા.પ્લોટ નં.૯૦, ટીપી સ્કીમ નં.૧૩(અડાજણ) તા.સીટી, સુરત, ક્ષેત્રફળ ૧૨૦૦ ચો.ફૂટ **ચતુ:સીમાઃ પૂર્વેઃ** ફ્લેટ નં.૮૦૫, **પશ્ચિમે :** ઓટીએસ, **દક્ષિણે :** [illegible], **ઉત્તરે:** ખુલ્લી જગ્યા	રાકેશકુમાર બાબુલાલ જૈન અને શ્રીમતી રેણુ જૈન	Rs.42,83,709.59 (રૂપિયા બેતાલીસ લાખ ત્યાંસી હજાર સાતસો નવ અને ઓગણસાંઈઠ પૈસા પુરા)	09.03.2022	10.06.2023 (વાસ્તવિક)	Rs.30,00,000 (રૂપિયા ત્રીસ લાખ પુરા)	Rs. 50,000	Rs.3,00,000/- (રૂપિયા ત્રણ લાખ પુરા)	તા.૧૩.૦૫.૨૦૨૪ સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ સુધી (અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને)

ખાતા નં. : ૩૪૪૭૦૦૦૦૦૦૧૪૮ બેનિફિશિયરી નામ : ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટ , બેંકનું નામ : આઈસીઆઈસીઆઈ બેંક,બ્રાંચ: બાન્દ્રા(પૂર્વ),મુંબઈ,આઈએફએસસી કોડ : ICIC0003449
ઈ-ઓકશનની તારીખ : ૩૧.૦૫.૨૦૨૪ ૧૨.૦૦ થી બપોરે ૦૧.૦૦ સુધી | [illegible] તારીખ : ૩૦.૦૫.૨૦૨૪ના રોજ સાંજે ૦૬.૦૦ વાગ્યા સુધી
ઓકશનના નિયમો અને શરતો:વેચાણના વધુ નિયમો અને શરતો માટે [illegible] http://omkaraarc.com/auction.php અથવા સર્વિસ પ્રોવાઈડરની વેબ સાઈટ http://www.bankeauction.com ની પણ મુલાકાત લઈ શકશો

સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૬) અને ૯(૧)મુજબની વૈધાનિક નોટીસ

[illegible]

તા.૦૭-૦૫-૨૦૨૪
સ્થળ: સુરત

સહી/ અધિકૃત અધિકારી, ઓમકારા એસેટસ રીકન્સ્ટ્રક્શન પ્રા.લિ.
(જે ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કામ કરે છે)

ગુજરાત ગાર્ડિયન CLASSIFIED
BOOK YOUR CLASSIFIED ONLINE. Log on to www.classified4newspaper.com
ક્લાસિફાઈડ જાહેરખબર માટે સંપર્ક ☎0261-4010239

શ્રી કૃષ્ણ મુરારી કુંડલીના ખાસ જાણકાર
દરેક કાર્ય ધાર્મિક વિધિથી કરવામાં આવશે નિરાશ થયેલા ખાસ ફોન કરો
તૂટેલા પ્રેમ સગાઈ સંબંધ જોડવા માટે ? શું તમારા છોકરી કે છોકરા કોઈના પ્રેમમાં પડેલા છે?
લગન કેમ થતા નથી ? કારણ શું ક્યારે થશે ? ધંધા ફેક્ટરીમાં નુકસાન કેમ ?
સંતાન કેમ થતા નથી? સફળતા ક્યારે મળશે ? દવા લેવા છતાં અસર કેમ નથી ?
જમીન-મિલ્કત વેચાતી નથી. ખવડાવેલુ પીવડાવેલું.મેલી વસ્તુ.બીમારી. લવમેરેજ. કોઈનું કરેલું
તમારી સંતાન ઈચ્છાની વિરુદ્ધ કાર્ય કરતા હો તો ખાસ કોલ કરો
હની પાર્ક, અડાજણ. જય શ્રી કૃષ્ણ Mo. 9998500871

સબકા માલિક એક જ્યોતિષ
QUICK DIVORCE
LOVE SPECIALIST PROBLEM
છૂટાછેડા, શત્રુ-વિજય, સગાઇ-લગ્ન, લવ પ્રોબ્લેમ, સંતાનયોગ, તૂટેલાં સંબંધ
લવગુરૂના બેતાજ બાદશાહ ગુપ્તધન ક્રિયાના જાણકાર
ગુપ્તધન સપનામાં દેખાય છે છતાં મળતુ કેમ નથી?
અધુરા-બગડેલા કામના નિકાલ માટે મળો ભાગળ ચાર રસ્તા, સુરત.
9714906791

વ્યવસાયલક્ષી
વોટરપ્રુફીંગ, રીનોવેશન, એપાર્ટમેન્ટમાં ભેજ, લીકેજ, કલરપુટ્ટી પ્લાસ્ટર
9825834323

મહાકાલી જ્યોતિષ (સુરત)
અશક્યને શક્ય કરનાર ● બધા જ્યોતિષ-તાંત્રિકોથી પહેલાં પરિણામ
સમસ્યા છે...? તો સમાધાન પણ છે!
પથ્થર જેવી કઠીન સમસ્યાનું 3 કલાકમાં નિકાલ
એક તરફી પ્રેમી-પંખીડા ખાસ સંપર્ક કરો
ખવડાવ્યા કે પીવડાવ્યા વગર પણ વશીકરણ શક્ય છે
પતિ-પત્ની-પ્રેમી-પ્રેમિકાને વશમાં કરો
લવ પ્રોબ્લેમ, છુટાછેડા, મેલી વસ્તુ, મુઠચોટ
એક તરફી પ્રેમી-પંખીડા ખાસ સંપર્ક કરો
જમીન-મિલ્કત, કોર્ટ-કેસ વિજય, ગૃહકલેશ સે.
ધારેલી વ્યક્તિનું મિલન
માત્ર એક જ મુલાકાતથી સમસ્યાનું સમાધાન
7265019032

ભદ્રકાલી જ્યોતિષ
૪૦ વર્ષથી સ્થાયી ●૧૦૦% કામનો તાત્કાલિક રિઝલ્ટ A to Z સમસ્યાનો એક જ ફોનમાં સમાધાન
શું તમારા રીલેશનશીપમાં લાગણી ઓછી થઇ ગઇ છે...?
ગ્રહકલેશ, વિદેશયોગ, અણબનાવ, નોકરી-ધંધામાં રૂકાવટ, બ્રેકઅપ, પતિ-પત્ની શંકા-કુશંકા, લવ મેરેજ, સગાઇ-લગ્નમાં વિલંબ, બ્લેક મેજીક, સૌતનથી પરેશાની, એકતરફી પ્રેમ.
લવ પ્રોબ્લેમ, છુટાછેડા, મેલીવસ્તુ, લગ્ન-[illegible]
ભદ્રકાલી જ્યોતિષ
ઉમાભવનની ગલીમાં, ભટાર રોડ, સુરત
9714411750
ખાસ નોંધ
[illegible]